અંક ૯

# આચમન

શિક્ષણ એજ ધ્યેય...

જુન - ૨૦૧૪

## શ્રી કોટડા (ચકાર) સી.આર.સી.


કોટડા, તા: ભુજ, જિલ્લો-કચ્છ[ગુજરાત]
પિન : ૩૭૦૧૦૫.



તંત્રી શ્રી:

**મયુરભાઇ જી. ભાનુશાલી**

સી.આર.સી. કો-ઓર્ડીનેટર,
કોટડા (ચકાર).


શાળા પ્રવેશોત્સવ-૨૦૧૪ વિશેષાંક


સંપાદક મંડળ :

- ચિરાગ પટેલ, કોટડા આ. પ્રા. શાળા.
- નિતિન પટેલ, જાંબુડી પ્રા. શાળા.
- હરેશ લિંબાણી, કોટડા ઉ. પ્રા. શાળા.
- વિજય પટેલ, સણોસરા પ્રા. શાળા.
- હરીલાલ ભાનુશાલી, કૈલાશનગર પ્રા. શાળા.
- હાર્દિક રાવલ, ચકાર પ્રા. શાળા.


Our Web Contacts


Web Site: crckotda.weebly.com
Mail Add: crckotda2013@gmail.com
Facebook: facebook.com\crc kotda chakar


An honest man is the noblest work of god.

## તંત્રીની કલમે...



નમસ્કાર .........

મોજ માં રહેવું....ધોરણ ૧ થી ૫ માં નવો અભ્યાસક્રમ ખૂબ જ સરસ રીતે પ્રસ્તુત કરાયો છે,જરૂર છે માત્ર સુચારુ અમલીકરણ ની .આશા છે કે સૌ સાથે મળી ને આ હેતુલક્ષી અભ્યાસક્રમના હેતુ ને પાર પડીશું.એસ.એમ.સી.ની સક્રિયતામાં વધારો કરીએ. શાળા પ્રવેશોત્સવ નો અનુભવ યાદગાર રહ્યો .સાક્ષર ભારત મિશન માટે સર્વે ને શુભેચ્છાઓ.

**ચિનગારી**

વાત ઇશ્વરથી કરી મેં રૂબરૂ વર્ષો લાગી,
પણ પછી જાણ્યું કે સામે તો ફક્ત દર્પણ હતું.




જેવું માનવીનું હૃદય વિચારે છે તેવો તે બને છે .

# બ્લોક શિક્ષક સજ્જતા તાલીમ





કચ્છ જીલ્લા ટીચર કો.ઓ. શ્રીમતી સોનલબેન દવે





ડાયટ,ભુજ ના ડૉ.દક્ષાબેન ગોર સાથે “રેયાણ”







જીલ્લા પ્રા.શિ.અધિકારી સાહેબ માન.બહાદુર સિંહ સોલંકી

સતત પ્રસન્નતા જ વિવેક અને સફળતાની સૌથી મોટી ઓળખ છે .



# શાળા પ્રવેશોત્સવ-૨૦૧૪






કોટડા આથમણા પ્રા. શાળા











ધારાસભ્ય શ્રી માન.નીમાબેન સાથે જીલ્લા
પ્રા.શિ.અધિ.બહાદુરસિંહ સોલંકી સાહેબ

જે અન્યની ઈર્ષ્યા કરે છે તેને માનસિક શાંતિ મળતી નથી .






## પુસ્તકનું નામ :આઝાદી પછી
## લેખક નું નામ :શ્રી ચંન્દ્રકાંત બક્ષી

“ઘટના ના બેતાજ બાદશાહ” તરીકે જાણીતા લેખક એટેલે ચંન્દ્રકાન્ત બક્ષી.મિત્રો!સાહિત્ય જગતમાં “બક્ષી’ માત્ર બોલાય એટલે ગુજરાત ના ચંન્દ્રકાન્ત બક્ષીનું ચિત્ર દરેક વાચક સામે ઉભું થઇ જાય છે.બક્ષી બાબુનો જન્મ પાલનપુરમાં થયો હતો .તેમનો સમગ્ર અભ્યાસ કોલકત્તા શહેરમાં થયો હતો. “બક્ષીનામા”તેમની આત્મકથા છે.તેમણે મુંબઈમાં ઇતિહાસના પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું.જીવનના છેલ્લા વર્ષો તેમણે અમદાવાદમાં વિતાવ્યા.તેમણે લખેલા પુસ્તકો અને તેમનો પરિચય આપવું સૂરજ સામે દીવો ધરવા જેવું છે. બક્ષીબાબુને માત્ર ત્રણ ગુજરાતી લેખકો વાંચવા ગમતાં,નર્મદ,ઝવેરચંદ મેઘાણી અને ક.મા.મુનશી.

“આઝાદી પછી”તેમનું પુસ્તક હિન્દુસ્તાનની આઝાદી પછી ઘટેલી ઘટનાઓ અને એ ઘટનાઓમાં કેન્દ્રસ્થ રહેલા પાત્રો તથા આઝાદી પછી જેમણે ઐતિહાસિક યોગદાન આપ્યું છે.તેવા વ્યક્તિઓ વિશે છે.બક્ષી સરદાર પટેલના વ્યક્તિત્વની સાથે તેમની અભિવ્યક્તિ પણ લખે છે.

આઝાદી ની લડતમાં અને રાષ્ટ્રીય ઘડતરમાં ભિન્ન ભિન્ન રીતે યોગદાન કરનાર વ્યક્તિ વિશેષોના વ્યક્તિત્વને અને કાર્યને અહીં લેખક ભિન્ન ભિન્ન રીતે તરાશે છે,તપાસે છે અને મૂલવે છે.આ વ્યક્તિઓ વિશે આપની પાસે ગમે તેટલી જાણકારી હોય પણ આ પુસ્તકના લેખો જરૂર તેમાં ઉમેરો કરે છે.તેનું સૌથી મહત્વનું ઉદાહરણ છે ,વિનોબાનું પ્રકરણ.

લેખક વિનોબા ભાવે ને વીસમી સદીના ભારતના અંતિમ રાજનીતિક વિચારક ગણે છે.ગુજરાતી ભાષાના ઐતિહાસિક પુસ્તકોમાં મહત્વનો ઉમેરો કરતું પુસ્તક છે.

ક્લોઝ અપ: “મને ક્યારેય કલ્પના ન હતી કે આ બનશે.મારી જિંદગી માં પાકિસ્તાન જોવાની મેં ક્યારેય અપેક્ષા રાખી ન હતી”-મહમંદઅલી ઝીન્નાહ (લાસ્ટ પર્સ ઓફ બ્રિટીશ ઇન્ડિયા-માઈકલ એડવર્ડઝ,પૃષ્ઠ-૧૦૧)

ચલતે ચલતે: “સાહિત્ય વિચારીને લખાયેલા પ્રભાવક શબ્દનું જગત છે,જીવન વિચાર્યા વિના બોલાયેલા સ્વાભાવિક શબ્દનું જગત છે.

દિક્ષિત મોતા
મ.શિ.સણોસરા પ્રા.શાળા

# શાળા પ્રવેશોત્સવ -૨૦૧૪









ભુજ તાલુકા પંચાયત પ્રમુખશ્રી વાલુબેન મંગરીયા



અંજાર વિધાનસભા ના ધારાસભ્ય માન.શ્રી વાસણભાઈ આહિર



અંજાર વિધાનસભા ના ધારાસભ્ય માન.શ્રી વાસણભાઈ આહિર





આજે વિચારો ,આવતી કાલે બોલો .

# કોટડા (ચકાર) સી.આર.સી ના જુલાઈ-૨૦૧૪ ના શિક્ષણ દીવડાઓ

અભિનંદન ...અભિનંદન જન્મદિવસના અભિનંદન ......................ઘણું જીવો ...ઘણું જીવો .......

અમારા સારસ્વતમિત્રો ....ઘણું જીવો .......

કોટડા ગ્રુપ સમગ્ર પરિવાર

## HAPPY BIRTHDAY



૯/૭/૮૫
નીતિન પટેલ
જાંબુડી પ્રા.શાળા



૧/૭/૧૯૬૮
ભગવાનભાઈ પટેલ
કોટડા (ઉ) પ્રા.શાળા




૧૫/૭/૭૧
કાનજીભાઈ સીજુ
કૈલાશનગર ) પ્રા.શાળા



૨/૭/૭૬
સેધાંભાઈ વસોયા
સરસ્વતી શિશુમંદિર



3 /૭/૮૪
મૂરજીભાઈ ભગત
સરસ્વતી શિશુમંદિર



૧૩/૭/૯૦
શીતલબેન ભગત
સરસ્વતી શિશુમંદિર

**શિક્ષણ એ કોઈ વાસણ ભરવાની ક્રિયા નથી, પરંતુ જ્યોત જલાવવાની ક્રિયા છે.**



## કુતૂહલ ……

સાત અક્ષરનો  તેલંગણા નો એક જીલ્લો,જેના અંતિમ ત્રણ અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ શહેર થાય છે.પહેલો ,છઠ્ઠો અને સાતમો અક્ષર મળી ને બનતા શબ્દનો અર્થ એક જળચર પ્રાણી થાય છે.પ્રથમ,બીજો અને સાતમો અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ કૃપા થાય છે.પ્રથમ અને છઠ્ઠો અક્ષર મળીને બનતો શબ્દ એક કઠોળ થાય છે.પ્રથમ અને પાંચમો અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ અંત:કરણ થાય છે.પ્રથમ અને અંતિમ અક્ષર બનતા શબ્દનો અર્થ ભલે થાય છે.

તો ,બાળ બુધ્ધીજીવીઓ દોડાવો દિમાગ અને ઓળખો ઉત્તરને ……….

મદન કુમાર ઠક્કર , વડવારા પ્રા.શાળા .



શાળા પ્રવેશોત્સવ-૨૦૧૪





બાલ દેવો ભવ:



"બાળોપનિષદ વિમોચન પ્રસંગે સંજયભાઈ ઠાકર"

**સાંચુ બોલો પણ પ્રિય લાગે તે રીતે .**

# કેમેરા ની આંખે



પ્રોજેક્ટ ચાર્ટ



બોલો,શું બનાવું?



સતત મૂલ્યાંકન



સઘન તાલીમ





પ્રોત્સાહક ભેટ

કેટલાક લોકો ઘંટી જેવા હોય છે,તેઓ પીસે છે બીજા ને અને બૂમો પોતે પાડે છે.



## શેરે ગુલશન




લો,તમે તો થાક થી બેસી ગયા,
ને શરૂઆત જ સફર ની થાય છે....

તને જોયા પછી ,સમજ્યા પછી એ વાત સમજાઈ ,
ઘણી વેળા સરળતા ને સમજતા વાર લાગે છે.

હશે એકાંતમાં શી એમની હાલત ખુદા જાને,
બધાની હાજરીમાં એ શરમાઈ નથી શકતા....!

ફેંકશે પથ્થર તો પોતાનુંજ માથું ફોડશે,
ભાંડશે આદમ કહો શી રીતે આદમ જાત ને,
આદમ પ્રકાશ થઇ ને વિહર તું અનંત માં,
ધરતી ઉપરની જીન્દગી તો જન્મકેદ છે.

આજ મારી આંખમાં વેરાન આખો બાગ છે,
શું બતાવું આપને કે ઉર મહી શી આગ છે?
જોઈ કાળો તલ ,ગુલાબી ગાલ પર ,હરખાવ ના,
દિલ બળીને તણખો ઉડ્યો એ નો પડેલો ડાઘ છે .





મયુર ભાનુશાલી
સી.આર.સી.કો.ઓ.કોટડા(ચ)




શ્રદ્ધા જ્ઞાન દેતી હૈ !

“નમ્રતા માન દેતી હૈ!

યોગ્યતા સ્થાન દેતી હૈ!

તીનો મિલ જાએ તો વ્યક્તિ કો હર જગહ”સમ્માન” દેતી હૈ!

સી.આર.સી. કોટડા નો મુખપત્ર “આચમન” મળ્યો.ટીમ કોટડા ને અભિનંદન....


ડૉ.રક્ષાબેન એચ. ઉપાધ્યાય
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન –ભુજ.


Enjoy the work you do,and do the best you can.